# નવકારમંત્રની
# આનુપૂર્વી અને અનાનુપૂર્વી

જૈનોમાં નવકારમંત્રની અનાનુપૂર્વી ગણવાની પ્રણાલિકા બહુ પ્રાચીન સમયથી ચાલી આવી છે. ચિત્તને નવકારમંત્રમાં કેન્દ્રિત કરવા માટેની આ એક ઉત્તમ પ્રક્રિયા છે. નવકારમંત્રના પદસ્થ ધ્યાનની શરૂઆત કરવા માટે આ ઉપાય બહુ સહાયક નીવડે છે. ચંચળ વૃત્તિના બાળ જીવોને માટે તો ચિત્તને સ્થિર કરવાના અભ્યાસની દૃષ્ટિએ તે એક અસરકારક સાધન છે.

આનુપૂર્વી અને અનાનુપૂર્વી એ બે શબ્દો મૂળ સંસ્કૃત શબ્દ अनुपूर्व ઉપરથી આવ્યા છે. 'અનુ' એટલે પાસે, પાછળ, બાજુમાં, નીચે, નિયમિત. 'પૂર્વ' એટલે આગળનું અથવા પહેલાંનું. અનુ + પૂર્વ એટલે આગળપાછળનો નિયમિત વ્યવસ્થિત ક્રમ. આનુપૂર્વી-આનુપૂર્વ્ય (પ્રાકૃત : 'આણુપુવ્વી') એટલે અનુક્રમ, પરિપાટી, પૌર્વાપર્ય ભાવ અથવા વિશિષ્ટ રચના. શબ્દકોશમાં એના પર્યાયો આપતાં કહેવાયું છે : आनुपूर्वी अनुक्रमोऽनुपरिपाटीति पर्यायाः ।

[આનુપૂર્વી એ કર્મસિદ્ધાંતની પરિભાષાનો એક શબ્દ પણ છે. નામકર્મની એક પ્રકૃતિ માટે તે વપરાય છે. જીવને જે ગતિનું આયુષ્ય ઉદયમાં આવ્યું હોય તે જ ગતિમાં લઈ જાય અને બીજી ગતિમાં જવા ન દે તેવા પ્રકારનું નામકર્મ તે આનુપૂર્વી નામકર્મ કહેવાય છે.]

આનુપૂર્વી શબ્દ જૈન શાસ્ત્રોમાં વિવિધ સંદર્ભમાં વપરાયો છે. દસ પ્રકારની આનુપૂર્વી બતાવવામાં આવે છે, જેમાં નામ-આનુપૂર્વી, સ્થાપના-આનુપૂર્વી, દ્રવ્ય-આનુપૂર્વી, ક્ષેત્ર-આનુપૂર્વી, કાળ-આનુપૂર્વી, ભાવ-આનુપૂર્વી વગેરે આનુપૂર્વીનો સમાવેશ થાય છે.

આનુપૂર્વી એટલે જેમાં નિયમિત અનુક્રમ સચવાયેલો રહેલો હોય તે. એકથી દસની સંખ્યા લઈએ તો ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સળંગ નિયમિત ક્રમ રહેલો છે. એવી જ રીતે વિપરીત રીતે, છેલ્લેથી કે ઊંધેથી લઈએ તો ૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧માં પણ સળંગ નિયમિત ક્રમ રહેલો છે. એટલે એ બંનેને આનુપૂર્વી કહી શકાય.

આનુપૂર્વીના ત્રણ પેટાપ્રકારો બતાવવામાં આવે છે. (૧) મૂળથી નિશ્ચિત કરેલા અંત સુધી જે ક્રમ હોય છે તેને પૂર્વાનુપૂર્વી કહેવામાં આવે છે. એટલે કે એકથી દસ સુધીની સંખ્યા નિશ્ચિત કરી હોય (અથવા સંખ્યા વધારે કે ઓછી પણ કરી શકાય) અને તે ક્રમાનુસાર હોય તો તે પૂર્વાનુપૂર્વી કહેવાય છે. (૨) આપેલી સંખ્યાને અંતથી મૂળ સુધી ક્રમાનુસાર ગોઠવવામાં આવી હોય તો તેને પશ્ચાનુપૂર્વી અથવા પશ્ચાતનુપૂર્વી (અથવા પશ્ચિમાનુપૂર્વી) કહે છે. ઉ. ત. દસથી એક સુધી ક્રમાનુસાર સંખ્યા હોય તો તેને પશ્ચાનુપૂર્વી અથવા પશ્ચાતનુપૂર્વી કહેવામાં આવે છે. (૩) યથાતથ આનુપૂર્વી (યથાતથાનુપૂર્વી) – જે આનુપૂર્વીમાં મરજી મુજબ ગમે ત્યાંથી શરૂ કરી ક્રમાનુસાર ગમે ત્યાં પૂરું કરવામાં આવે તો તે યથાતથ આનુપૂર્વી કહેવાય છે. ધારો કે સંખ્યા એકથી દસ સુધીની હોય પરંતુ તેમાં કોઈક વ્યક્તિ ત્રણ કે ચાર કે ગમે ત્યાંથી શરૂ કરી દસ સુધીમાં ગમે ત્યાં અટકે તો તે યથાતથ આનુપૂર્વી કહેવાય. ઉદાહરણ તરીકે ૨, ૩, ૪, ૫ અથવા ૫, ૬, ૭, ૮, ૯ અથવા ૮, ૯, ૧૦ એ યથાતથ આનુપૂર્વી કહેવાય. એવી જ રીતે ૯, ૮, ૭, ૬ અથવા ૭, ૬, ૫, ૪, ૩ જેવા વિપરીત ક્રમને પણ યથાતથ આનુપૂર્વી કહેવાય.

અનાનુપૂર્વી એટલે આનુપૂર્વી નહિ તે. જેમાં આનુપૂર્વીનો ક્રમ સાચવવામાં આવ્યો ન હોય અથવા તે ક્રમને હેતુપૂર્વક બદલવામાં આવ્યો હોય તો તે અનાનુપૂર્વી બને છે. નવકારમંત્રના એકથી પાંચ અથવા એકથી નવ સુદીનાં પદના પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વીના ક્રમને સાચવવામાં ન આવે અને તેમાંથી જ બીજી કોઈ સંખ્યા વચ્ચે મૂકીને એ ક્રમને તોડવામાં આવે તો તે અનાનુપૂર્વી બને છે. ઉદાહરણ તરીકે ૧, ૩, ૩, ૪, ૫ અથવા ૫, ૪, ૩, ૨, ૧ એ બંને આનુપૂર્વી છે; પરંતુ ૧, ૩, ૪, ૨, ૫ અથવા ૩, ૨, ૪, ૫, ૧ એ અનાનુપૂર્વી છે. પૂર્વાનુપૂર્વી ફક્ત એક જ હોય છે. તેવી રીતે પશ્ચાનુપૂર્વી પણ ફક્ત એક જ હોય છે. પરંતુ અનાનુપૂર્વી સંખ્યા અનુસાર એક કરતાં વધુ હોય છે.

આનુપૂર્વી વગર અનાનુપૂર્વી સંભવી ન શકે. અનાનુપૂર્વીના સમગ્ર એટલે કે કુલ સંખ્યાંકમાં આનુપૂર્વીનો સમાવેશ થઈ જાય છે. વસ્તુતઃ અનાનુપૂર્વીમાં બંને

Jain Education International . For Private & Personal Use Only www.jainelibrary.org

છેડે આનુપૂર્વી જ હોય છે. પૂર્વાનુપૂર્વીની પ્રથમ સ્થાપના કર્યા પછી તેના આંકડાઓમાં ગાણિતિક પદ્ધતિએ એવા ક્રમાનુસાર ફેરફાર કરતા જવામાં આવે છે કે જેથી એક પણ વિકલ્પ અજાણતાં રહી ન જાય કે એક પણ વિકલ્પ ભૂલથી બેવડાય નહિ અને છેલ્લે અનાનુપૂર્વી પશ્ચાનુપૂર્વીમાં પૂરી થાય છે. એટલા માટે જ ગણિતની દૃષ્ટિએ અનાનુપૂર્વીમાં બંને આનુપૂર્વીનો સમાવેશ થઈ જાય છે.

વિક્રમના પંદરમા શતકમાં થઈ ગયેલા મહાન જૈનાચાર્ય શ્રી સોમસુંદરસૂરિના તેજસ્વી શિષ્યરત્ન શ્રી જિનકીર્તિસૂરિ કહે છે :

तत्थ पढमाणुपुव्वी
चरमा पच्छाणुपुव्विया नेया।
सेसा उ मज्झिमाओ
अणाणुपुव्विओ सव्वाओ।।

[એમાં પ્રથમ ભંગસંખ્યા તે આનુપૂર્વી (પૂર્વાનુપૂર્વી) છે. છેલ્લી ભંગસંખ્યાને પશ્ચાનુપૂર્વી તરીકે જાણવી જોઈએ. મધ્યમાં આવેલી સર્વ ભંગસંખ્યા તે અનાનુપૂર્વી છે.]

એટલા માટે જ 'નવકારમંત્રની આનુપૂર્વી' એમ કહેવા કરતાં 'નવકારમંત્રની અનાનુપૂર્વી' એમ કહેવું વધુ યોગ્ય છે. 'નવકારમંત્રની આનુપૂર્વી' એમ કહેવાથી તો સીધો નવકારમંત્ર બોલવાનો જ અર્થ થશે. એમાં અનાનુપૂર્વીનો અર્થ નહિ આવે, પરંતુ અનાનુપૂર્વીમાં આનુપૂર્વીનો અર્થ પણ આવી જાય છે.

આનુપૂર્વી સહિત અનાનુપૂર્વીની સંખ્યાને ગણિતની ભાષામાં permutation & combination કહેવામાં આવે છે.

કોઈ પણ આપેલી સંખ્યાની આનુપૂર્વી સહિતની અનાનુપૂર્વીની કુલ સંખ્યા કાઢવી હોય તો તેની સાદી રીત એ છે કે પ્રત્યેક સંખ્યાનો ઉત્તરોત્તર ગુણાકાર કરતા જવું જોઈએ. અને છેલ્લે જે જવાબ આવે તે અનાનુપૂર્વીની કુલ સંખ્યા ગણાય. ૧ થી ૩ સુધીની અનાનુપૂર્વીની સંખ્યા કાઢવી હોય તો ૧ × ૨ × ૩ = ૬ થાય. ૧ થી ૪ સુધીની સંખ્યાની અનાનુપૂર્વી કરવી હોય તો ૧ × ૨ × ૩ × ૪ = ૨૪ થાય. નવકારમંત્રનાં પાંચ પદની અનાનુપૂર્વી કરવી હોય તો ૧ × ૨ × ૩ × ૪ × ૫ = ૧૨૦ થાય. નવ પદની અનાનુપૂર્વી કરવી હોય તો ૧ × ૨ × ૩ × ૪ × ૫ × ૬ × ૭ × ૮ × ૯ = ૩,૬૨,૮૮૦ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી જિનકીર્તિસૂરિએ વિ. સં. ૧૪૯૭માં શ્રી પંચપરમેષ્ઠિ-નમસ્કારમહાસ્તોત્ર' (અથવા શ્રી નમસ્કારસ્તવ) નામની કૃતિમાં આનુપૂર્વી-અનાનુપૂર્વી ગણિતની દૃષ્ટિએ કેવી રીતે ક્રમાનુસાર, ભૂલચૂક વગર બનાવવામાં આવે છે તે અઘરા વિષયની બહુ જ વિગતવાર સમજણ આપી છે. જૈન શાસ્ત્રકારોએ આવા ગાણિતિક વિષયમાં પણ કેટલું ઊંડાણથી વ્યવસ્થિત મનન-નિરૂપણ કર્યું છે તે આ કૃતિ જોવાથી જણાશે.

નવકારમંત્રનાં પાંચ પદની અનાનુપૂર્વી કે નવપદની ૩૬૨૮૮૦ અનાનુપૂર્વી બનાવવાની હોય તો બે અનાનુપૂર્વી સરતચૂકથી એકસરખી ન થઈ જાય અથવા કોઈ અનાનુપૂર્વી ભૂલમાં રહી ન જાય તે માટે ઘણી ચીવટ રાખવી પડે. જો ગાણિતિક પદ્ધતિ પ્રમાણે ક્રમાનુસાર અનાનુપૂર્વીના કોઠાઓ બનાવવામાં આવે તો એક પણ કોઠો રહી ન જાય અને ભૂલચૂક થાય નહિ. શ્રી જિનકીર્તિસૂરિએ ક્રમાનુસાર કોઠા બનાવવા માટે નીચે પ્રમાણે ગાણિતિક પદ્ધતિ દર્શાવી છે. તેઓ લખે છે :

**अणुपूव्विभंगहिट्ठा**
**जिट्ठट्ठविअग्गओ उवरि सरिसं।**

**पूव्विं जिट्ठाइकमा**
**सेसे मुत्तुं समयभेयं।।**

[આનુપૂર્વીના ભંગની નીચે આવતી પંક્તિમાં પ્રથમ જ્યેષ્ઠ અંકની સ્થાપના કરો, તે પછીના અંકોમાં ઉપર પ્રમાણે નીચે સમાન અંકની સ્થાપના કરો, તથા સમયભેદને છોડીને બાકીના અંકોની જ્યેષ્ઠાદિ ક્રમથી (ખાલી પડેલી જગ્યામાં) પૂર્વ બાજુથી સ્થાપના કરો.]

અહીં જ્યેષ્ઠ અંક એટલે સંખ્યાની દૃષ્ટિએ મોટો અંક એવો અર્થ લેવાનો નથી, પણ ક્રમની દૃષ્ટિએ પૂર્વનો અંક એવો લેવાનો છે, જેમ કે ૧, ૨, ૩, ૪, ૫ વગેરે અંકોમાં ૫નો જ્યેષ્ઠ ૪ છે, ૪નો જ્યેષ્ઠ ૩ છે, ૩નો જ્યેષ્ઠ ૨ છે, ૨ નો જ્યેષ્ઠ ૧ છે. એકનો જ્યેષ્ઠ કોઈ નથી. એટલે તેની જગ્યા ખાલી પડે. હવે ઉદાહરણ તરીકે ૧ થી ૫ની અનાનુપૂર્વી કરવી હોય તો પ્રથમ આનુપૂર્વી ૧, ૨, ૩, ૪, ૫ મૂકવી. પછી તેની નીચે ઉપરના નિયમ પ્રમાણે પંક્તિ મૂકવી. એટલે ૧ની નીચેની જગ્યા ખાલી રહેશે, કારણ કે એકનો જ્યેષ્ઠ કોઈ નથી. ૨ની નીચે જ્યેષ્ઠ ૧ આવશે, પછી ૩, ૪, ૫ ઉપરના ક્રમ પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશે. હવે વધેલો અંક તે ૨ છે; પૂર્વ બાજુથી ખાલી પડેલી જગ્યા ૧ની નીચે છે. ત્યાં ૨નો અંક મૂકવો. આ રીતે અનાનુપૂર્વી થશે ૨, ૧, ૩, ૪, ૫. હવે તે પછીની અનાનુપૂર્વી કરવી હોય તો તેની નીચે ઉપરના નિયમ પ્રમાણે આંકડાઓ મૂકીને કરવી. પરંતુ તેમાં 'સમયભેદ' છોડી દેવાનો. સમયભેદ એટલે અગાઉ આવી ગયેલી અનાનુપૂર્વી જેવો સરખો ક્રમ. એકની નીચે ખાલી પડેલી જગ્યા તથા સમયભેદની ખાલી પડેલી જગ્યામાં વધેલા અંકો પૂર્વ બાજુથી જ્યેષ્ઠાદિ ક્રમથી ગોઠવવાના રહે છે. આ રીતે એક પછી એક અનાનુપૂર્વી બનાવતા જઈએ એટલે છેલ્લે પશ્ચાનુપૂર્વી આવે, જેમ કે ૧, ૨, ૩, ૪, ૫ની પશ્ચાનુપૂર્વી ૫, ૪, ૩, ૨, ૧ આવે. આવી રીતે ગમે તેટલા આંકડાની અનાનુપૂર્વી બનાવી શકાય. અલબત્ત, એમાં જેમ એક એક આંકડો વધતો જાય તેમ અનાનુપૂર્વીની સંખ્યા, કૂદકે કૂદકે વધતી જાય.

એ કૃતિમાં શ્રી જિનકીર્તિસૂરિ આગળ લખે છે :

**एगाईण पयाण गणअन्ताणं परोप्परं गुणणे।**

**अणुपुव्विप्पमुहाणं भंगाणं हुंति संखाओ।।**

[ગણપર્યન્ત એક વગેરે પદોના સંખ્યાંકનો પરસ્પર ગુણાકાર કરવાથી આનુપૂર્વી વગેરેની (અનાનુપૂર્વી સહિત) ભંગસંખ્યા થાય છે.]

વળી, તેઓ સમજાવે છે કે :

**एगस्स एग मंगो**
**दोण्हं दो चैव तिण्ह छब्भंगा।**
**चउवीसं च चउण्हं**
**विसुत्तरसयं च पंचण्हं।।**

**सत्त य सयाणि वीसा**
**छण्हं पणसहस्स चत सत्तण्हं।**
**चालीस सहस्स तिसया**
**वीसुत्तरा हुंति अट्टण्हं।।**

**लक्खतिगं बासूटठी**
**सहस्स अट्ठ य सयाणि तह असिई।**
**नवकार नवपयाणं**
**मंगयसंखा उ सव्वा उ।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[એકનો ભંગ એક છે; બેના બે છે; ત્રણના ભંગ છ છે; ચારના ભંગ ચૌવીસ છે અને પાંચના ભંગ એકસો વીસ છે.

છના ભંગ સાત સો વીસ છે; સાતના પાંચ હજાર ચાલીસ છે. આઠના ચાલીસ હજાર ત્રણ સો વીસ ભંગ છે. અને નવકારનાં નવ પદોની ભંગસંખ્યા ત્રણ લાખ બાસઠ હજાર આઠ સો એંસી થાય છે.]

(ગણિતની દૃષ્ટિએ – permutation & combinationની દૃષ્ટિએ એકની સંખ્યાનો જવાબ એક છે અને ૧ × ૨નો જવાબ બે છે. એ બંને આનુપૂર્વી જ થશે છતાં તેની અનાનુપૂર્વીમાં પણ ગણના કરવી હોય તો થઈ શકે છે.)

૧ અને ૨ એ બે જ સંખ્યા લેવામાં આવી હોય તો તેમાં ફક્ત પૂર્વાનુપૂર્વી ૧, ૨ થશે અને પશ્ચાનુપૂર્વી ૨, ૧ થશે, પરંતુ તેમાં અનાનુપૂર્વી નહિ થઈ શકે. એટલે કે નમો અરિહંતાણં અને નમો સિદ્ધાણં એ બે પદનો જ જો જાપ કરવો હોય તો આનુપૂર્વીપૂર્વક જાપ થશે. તેના જાપમાં અનાનુપૂર્વી નહિ આવી શકે, કારણ કે અનાનુપૂર્વી માટે ઓછામાં ઓછી ત્રણ સંખ્યાની આવશ્યકતા રહે છે.

૧ થી ૩ સુધીની સંખ્યામાં ૧, ૨, ૩ એ પૂર્વાનુપૂર્વી અને ૩, ૨, ૧ એ પશ્ચાનુપૂર્વી ઉપરાંત ૨, ૧, ૩; ૨, ૩, ૧; ૩, ૧, ૨ અને ૧, ૩, ૨ એ ચાર અનાનુપૂર્વી થશે. આમ ૧ થી ૩ સુધીની સંખ્યામાં બે આનુપૂર્વી અને વધુમાં વધુ ચાર અનાનુપૂર્વી થઈ શકે એટલે કે એકથી ત્રણ સુધીની સંખ્યાની કુલ અનાનુપૂર્વી (ગણિતની દૃષ્ટિએ આનુપૂર્વી સહિત) છ થાય છે.

નવકારમંત્રનાં પ્રથમ પાંચ પદ લીધાં હોય અને તે ક્રમાનુસાર હોય એટલે કે નમો અરહિંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહુણં એ પ્રમાણે ક્રમ હોય તો તે પૂર્વાનુપૂર્વી કહેવાય. અને વિપરીત ક્રમ હોય, છેલ્લેથી હોય, એટલે કે નમો લોએ સવ્વ સાહુણં, નમો ઉવજ્ઝાયાણં, નમો આયરિયાણં, નમો સિદ્ધાણં, નમો અરિહંતાણં – એ પ્રમાણે ક્રમ હોય તો તે પશ્ચાનુપૂર્વી કહેવાય. એવી જ રીતે નવકારમંત્રનાં નવ પદ હોય તો નમો અરિહંતાણંથી ક્રમાનુસાર પઢમં હવઇ મંગલમ્ સુધીનો ક્રમ પૂર્વાનુપૂર્વી કહેવાય અને પઢમમ્ હવઇ મંગલમ્થી નમો અરિહંતાણં સુધીનો ક્રમ પશ્ચાનુપૂર્વી કહેવાય.

એકથી પાંચ સુધીનાં અથવા એકથી નવ સુધીનાં પદમાંથી અધવચ ગમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી શરૂ કરીને ક્રમાનુસાર આગળ કે ક્રમાનુસાર પાછળ બોલવામાં આવે તો તેને યથાતથાનુપૂર્વી કહેવામાં આવે છે, જેમ કે નમો આયરિયાણં, નમો ઉવજ્જાયાણં, નમો લોએ સવ્વ સાહુણં, એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પણાસણો – એટલાં પદ ક્રમાનુસાર લીધાં હોય અથવા એસો પંચ નમુક્કારો, નમો લોએ સવ્વ સાહૂણં, નમો ઉવજ્જાયાણં – એટલાં પદ વિપરીત ક્રમાનુસાર લીધાં હોય તો તે યથાતથ આનુપૂર્વી કહેવાય. એના આવા બીજા કેટલાક વિકલ્પો પણ સંભવી શકે.

જેમ નવકારમંત્રમાં તેમ ચોવીસ તીર્થંકરોનાં નામોમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવથી શરૂ કરી ચોવીસમા મહાવીર સ્વામી સુધીનાં નામ ક્રમાનુસાર બોલવામાં આવે તો તે પૂર્વાનુપૂર્વી કહેવાય. મહાવીર સ્વામીથી શરૂ કરી, પાર્શ્વનાથ, નેમિનાથ, નમિનાથ એમ ક્રમાનુસાર બોલતા જઈ પ્રથમ તીર્થંકર ઋષભદેવ સુધી બોલવામાં આવે તો તે પશ્ચાનુપૂર્વી કહેવાય અને અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ એમ વચ્ચેથી ગમે ત્યાંથી ક્રમાનુસાર બોલવામાં આવે અથવા વિપરીત ક્રમાનુસાર વચ્ચેથી બોલવામાં આવે તો તે યથાતથાનુપૂર્વી કહેવાય.

નવકારમંત્રનાં નવ પદની અનાનુપૂર્વીની સંખ્યા ઘણી બધી મોટી હોવાથી પાંચ પદની આખી અનાનુપૂર્વી ગણવાનું સરળ છે. એક કોઠામાં પાંચ અનાનુપૂર્વી ગોઠવી હોય એવી રીતે ૨૪ કોઠાની અંદર પાંચ પદની અનાનુપૂર્વી આપી શકાય છે, અને તેનું જપધ્યાન કરવાનું સરળ બને છે. ચોવીસ તીર્થંકરોની દર્શન ચોવીસીની પુસ્તિકામાં પ્રત્યેક તીર્થંકર સાથે એક એવા ચોવીસ કોઠાઓ આપવામાં આવે છે. જો એક કોઠામાં છ અનાનુપૂર્વી આપવામાં આવે તો એવા વીસ કોઠામાં પાંચ પદની આખી અનાનૂપૂર્વી આવી જાય. વીસ વિહરમાન જિનેશ્વરો સાથે આવા વીસ કોઠા ગોઠવી શકાય. કેટલાક મહાત્માઓ નવ પદની ૩,૬૨,૮૮૦, અનાનુપૂર્વીના ૪૦૩૨૦ કોઠા તૈયાર કરી તે પ્રમાણે નવકારમંત્રનું સંપૂર્ણ અનાનુપૂર્વીપૂર્વક ધ્યાન ધરે છે.

અનાનુપૂર્વીના કોઠામાં જ્યાં ૧નો સંખ્યાંક હોય ત્યાં પ્રથમ પદ 'નમો અરિહંતાણં ' બોલવું; જ્યાં ૨ હોય ત્યાં 'નમો સિદ્ધાણં' બોલવું; જ્યાં ૩ હોય ત્યાં 'નમો આયરિયાણં', જ્યાં ૪ હોય ત્યાં 'નમો ઉવજ્જાયાણં' અને જ્યાં ૫ હોય ત્યાં 'નમો લોએ સવ્વ સાહૂણં' બોલવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો નવ પદની અનાનુપૂર્વીનો કોઠો હોય તો જ્યાં ૬ હોય ત્યાં 'એસો પંચ નમુક્કારો', ૭ હોય ત્યાં 'સવ્વ પાવપ્પણાસણો', ૮ હોય ત્યાં 'મંગલાણં ચ સવ્વેસિ' અને ૯ હોય ત્યાં 'પઢમં હવઇ મંગલમ્' બોલવું.

નમૂનારૂપ પાંચ પદની અનાનુપૂર્વીનો આરંભનો અને અંતનો એક એક કોઠો નીચે આપવામાં આવ્યો છે. એવા બીજા બાવીસ જુદા જુદા કોઠા (કુલ ચોવીસ કોઠામાં ૧૨૦ અનાનુપૂર્વી) થાય છે.

નવકારમંત્રનાં પાંચ પદની પાંચ ભંગસંખ્યાવાળો સૌથી પહેલો કોઠો નીચે પ્રમાણે છે, જેમાં પ્રથમ ભંગસંખ્યા તે પૂર્વાનુપૂર્વી છે. જુઓ :

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ |

નવકારમંત્રનાં પાંચ પદની પાંચ ભંગસંખ્યાવાળો સૌથી છેલ્લો ચોવીસમો કોઠો નીચે પ્રમાણે છે, જેમાં છેલ્લી ભંગસંખ્યા પશ્ચાનુપૂર્વી છે. જુઓ :

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ |
| ૩ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવકારમંત્રનાં પાંચ પદની જેમ નવ પદની ૩૬૨૮૮૦ અનાનુપૂર્વીના ૪૦૩૨૦ કોઠા થાય, જેમાં નમૂનારૂપ નીચે એક કોઠો આપ્યો છે, જેમાં પ્રથમ ભંગસંખ્યા તે પૂર્વાનુપૂર્વી છે. જુઓ :

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૨ | ૪ | ૩ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨ | ૧ | ૪ | ૩ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

એક પણ પંક્તિ બેવડાય નહિ કે એક પણ રહી ન જાય એ રીતે નવ સંખ્યાના આમ ૪૦૩૨૦ કોઠા બનાવી શકાય, જેમાં છેલ્લા કોઠામાં છેલ્લી પંક્તિ તે પશ્ચાનુપૂર્વી ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ હોય. ખરેખર આટલા બધા કોઠા બનતા હશે કે કેમ તે સામાન્ય માણસના માન્યામાં ન આવે એવી વાત છે, પરંતુ ઉચ્ચ ગણિતના નિષ્ણાત માણસોને પૂછવાથી આ વાતની પ્રતીતિ થશે.

અનાનુપૂર્વીનો કોઠો નજર સામે રાખી જાપ કરવાનો હોય તો આડી લીટી પ્રમાણે ડાબી બાજુથી જમણી બાજુના સંખ્યાંક પ્રમાણે જાપ કરવાથી પાંચે પરમેષ્ઠિનો જાપ આવી જશે. ઊભી લીટી પ્રમાણે ઉપરથી નીચે સુધીનો સંખ્યાંક લેવા જતાં પદનો જાપ નહિ થાય. તે પાંચ પદની અનાનુપૂર્વી નહિ બને અને કેટલાક કોઠાની છેલ્લી ઊભી લીટીમાં તો એક જ પદનું પુનરાવર્તન થશે. (વિશેષ પ્રયોગ તરીકે તેમ કરવામાં આવે તો તે જુદી વાત છે.)

એકથી પાંચ સુધીનાં પદમાં પ્રત્યેક પદ માટે તેનો સંખ્યાંક આપવામાં આવે છે અને તે સંખ્યાંક પ્રમાણે પદ બોલવાનું હોય છે. ઉદાહરણ તરીકે ૨, ૩, ૫, ૧, ૪ એ પ્રમાણે સંખ્યા આપેલી હોય તો તે વાંચતી વખતે તેના અનુક્રમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો લોએ સવ્વ સાહુણં, નમો અરિહંતાણં અને નમો ઉવજ્જાયાણં એ પ્રમાણે બોલવું જોઈએ. દરેક સંખ્યા સાથે કયું પદ રહેલું છે એ યાદ કરવામાં ચિત્ત પરોવાઈ જાય છે, એટલે કે ચિત્ત બહાર અન્ય વિચારોમાં ઓછું ભટકે છે અથવા ભટકતું બંધ થઈ જાય છે. પૂર્વાનુપૂર્વી અનુસાર સીધા ક્રમમાં જ્યારે જાપ કરવામાં આવે છે ત્યારે તે જાપ યંત્રવત્ બની જવાનો સંભવ વધુ રહે છે. જીભ માત્ર રટણ કરતી હોય અને ચિત્ત તો ક્યાંય બહાર અન્ય વિષયોમાં કે વિચારોમાં ભટક્યા કરતું હોય એવું બને છે. એવા ચંચળ ચિત્તને નવકારમંત્રમાં કેન્દ્રિત કે સ્થિર કરવા માટે અનાનુપૂર્વીની પદ્ધતિ સર્વોત્તમ છે. એટલા માટે જ અનાનુપૂર્વી ગણવાનો મહિમા ઘણો બધો દર્શાવવામાં આવ્યો છે. એથી ચિત્તની ઉપયોગશક્તિ ક્રમે ક્રમે વધતી જાય છે, જે એને કર્મબંધન છેદવામાં ઉપકારક નીવડે છે.

શ્રી જિનકીર્તિસૂરિજી મહારાજ અનાનુપૂર્વીનું માહાત્મ્ય સમજાવતાં કહે છે :

इय अणुपुव्वीप्पमुहे, भंगे सम्मं विआणिउं जोउ।
भावेण गुणइ निच्चं, सो सिद्धिसुहाइं पावेइ।।१।।

जं छम्मासियवरिसिअ – तवेण तिव्वेण झिज्झए पावं।
नमुक्कारअणणुपुव्वी – गुणणेण तयं खणद्धेण।।२।।

जो गुणइ अणणुपुव्वी, भंगे सयले वि सावहाणमणा।
दढरोसबेरिंएहिं, वद्धोवि स मुच्चए सिंग्धं।।३।।

एएहिं अभिमंतिअ, वासेणं सिरिसिरिवत्तमित्तेण।
साइणिभूअप्पमुहा, नासंति खणेण सव्वगहा।।४।।

अन्नेवि अ उवसग्गा, रायाइभयाइं दुट्टरोगा य।
नवपयअणणुपुव्वी, गुणणेण जंति उवसामं।।५।।

तवगच्छं मंडणाणं सीसो सिरि सोमसुंदर गुरुणं।
परमपय संपयत्थी जं पइ नव पय थुयं एयं।।६।।

पञ्चनमुक्कार थुय एयं सयं करंति संझमवि।
जोझएइ लहहसो जिणकित्तिअमहिमसिद्धि सुहं।।७।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારના આનુપૂર્વી આદિ ભંગોને સારી રીતિએ સમજીને ભાવપૂર્વક પ્રતિદિન ગણે છે, તે આત્મા સિદ્ધિસુખોને પ્રાપ્ત કરે છે.

જે પાપ છ-માસિક કે વાર્ષિક ભારે તપ કરવાથી નાશ પામે છે, તે પાપ નમસ્કારની અનાનુપૂર્વી ગણવાથી અર્ધક્ષણમાં નાશ પામે છે.

જે મનુષ્ય સાવધાન મનવાળો બનીને અનાનુપૂર્વીના સર્વ ભંગોને ગણે છે, તે મનુષ્ય અતિશય ક્રોધાયમાન એવા વૈરીઓ વડે બંધાયેલો હોય તો પણ શીઘ્ર મુક્ત થઈ જાય છે.

નવકારમંત્રથી અભિમંત્રિત 'શ્રી શ્રીવત્ત' (શ્રીવેષ્ટ) નામના વાસક્ષેપથી શાકિની, ભૂત, સર્વ દુષ્ટ ગ્રહો આદિ એક ક્ષણ માત્રમાં શમી જાય છે.

બીજા પણ ઉપસર્ગો (ઉપદ્રવો), રાજા આદિના ભય તથા દુષ્ટ રોગ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રની અનાનુપૂર્વીને ગણવાથી શાંત થઈ જાય છે.

તપગચ્છના મંડનરૂપ શ્રી સોમસુંદરસૂરિના શિષ્યે પરમપદરૂપ સંપત્તિના અભિલાષી થઈને આ નવપદસ્તોત્રનું કથન કર્યું છે. પંચ નમસ્કાર સ્તોત્રનું સંયમમાં તત્પર થઈને જે પઠન કરે છે તથા ધ્યાન ધરે છે તે એવું સુખ પ્રાપ્ત કરે છે કે જેનો મહિમા જિનેશ્વર ભગવાનોએ વર્ણવેલો છે.]

અનાનુપૂર્વીનો મહિમા દર્શાવતાં આ જ પ્રમાણે ગુજરાતીમાં કહેવાયું છે :

**અણાણુપૂર્વી ગણજ્યો જોય, છ માસી તપનું ફળ હોય;**
**સંદેહ નવ આણો લગાર, નિર્મળ મને જપો નવકાર.**
**શુદ્ધ વસ્ત્ર ધરી વિવેક, દિન દિન પ્રત્યે ગણવી એક**
**એમ અણાણુપૂર્વી જે ગણે, તે પાંચસે સાગરનાં પાપ હણે.**

❏

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org